**DATE: 18/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–01**

# પાનોલીની કંપનીમાં થયેલી જંતુનાશક દવાની ચોરી કરનાર ૪ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા.૧૭

પાનોલી જી.આઈ.ડી.સી.માં આવેલ એગ્રો પેક કંપનીમાં થયેલી જંતુનાશક દવાની ચોરીનો ભેદ ઉકેલી કાઢી ભરુચ એલસીબીએ ચાર શખ્સોને ઝડપી પાડી રૂ.૧.૩૯ લાખનો મુદ્દામાલ રિકવર કરી તપાસ હાથ ધરી હતી.

## ભરુચ એલસીબીએ ૧.૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તપાસ હાથ ધરી

ગત તા.૮મી ઓગસ્ટે પાનોલી જી.આઈ.ડી.સી.માં આવેલી એગ્રો પેક કંપનીમાં રાત્રીના ગોડાઉનમાં રહેલ ખેતીવાડીને લગતી જંતુનાશક દવાની ૧ લીટરની બોટલ નંગ-૩૬ રૂ.૧.૨૯ લાખની ચોરી થઈ હોવાની ફરિયાદ પાનોલી પોલીસ મથક ખાતે નોંધાવી હતી.જે ચોરી સંદર્ભે એલસીબીની ટીમે એગ્રો પેક કંપની અને આસપાસના સી.સી.ટીવી કરેજ ચેક કરી ટેકનીકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલીજન્સથી તપાસ હાથ ધરી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે બાકરોલ બ્રીજ નીચે બે ઇસમો મીણિયા થેલામાં જંતુનાશક દવાની બોટલો ભરી વેચાણ માટે ફરી રહ્યા છે.

જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.બે શખ્સોને ઝડપી પાડ્યા હતા.જેઓની પૂછપરછ કરતા સંજાલી ગામના તળાવ પાસે રહેતો સંજય સુરેશ તડવી અને કોસમડી ગામના મોરા ફળિયામાં રહેતો મિતેષકુમાર ઉર્ફે રમલી વિષ્ણુભાઈ પટેલ ભેગા મળી એગ્રો પેક કંપનીથી જંતુનાશક દવાની ચોરી કરી હોવાનુ કબૂલ કર્યુ હતુ.પોલીસે જંતુનાશક દવાની બોટલ નંગ-૩૭ અને બે ફોન મળી કુલ ૧.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને દવાની ખરીદી કરવા આવેલા અન્ય બે ઈસમ આશા ભગવાનભાઈ પવાર તેમજ ધનશ્યામ બંસીલાલ યાદવને પણ ઝડપી પાડ્યા હતા.

**DATE: 18/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### અંકલેશ્વર બી ડિવિઝન પોલીસની ટીમે રાજપીપળા ચોકડીએ વોચ ગોઠવી હતી

# મહારાષ્ટ્રથી લક્ઝરીમાં મંગાવેલો દારૂ ઈકો કારમાં ખાલી કરતાં ચાર ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

મહારાષ્ટ્ર થી ઈંગ્લીશ દારૂ આપવા આવેલા લક્ઝરી બસ સાથે લેવા આવેલા ઈકો કાર ઝડપી પાડી હતી. સજોદ નો ઈસમ ઈકો કાર માં એક્ટિવા પર પાયલોટીંગ કરી ભડકોદ્રા ની મહિલા બુટલેગર ને દારૂ પહોંચાડવાનો હતો. પોલીસે દારૂ ની 559 બોટલ મળી 94.500 નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો. લક્ઝરી બસ, ઈકો કાર, એક્ટીવા મોપેડ અને મળી કુલ 11.59 લાખ નો મુદ્દામાલ જપ્ત કરી 4 ની ધરપકડ કરી 2ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પી આઈ વી.યુ. ગડરિયાને ચોક્કસ માહિતી મળી હતી. કે મહારાષ્ટ્ર ના ભુસાવળ થી અમદાવાદ જતી ઈંગ્લીશ દારૂનો જથ્થો શ્રી સ્વા નામની ટ્રાવેલ બસ માં આવી રહ્યો છે. જે માટે રાજપીપળા ચોકડી પાસે ઈકો કાર રાહ જોઈ ઉભી છે. જે ચોક્કસ માહિતી આધારે ટીમ એ વોચ ગોઠવી હતી. જ્યાં માહિતી આધારે ટ્રાવેલ્સ બસ આવી ઉભી રહી હતી અને ઈકો કાર માં દારૂ નો જથ્થો ઠાલવી રહી હતી તે જ સમયે પોલીસે દરોડો પાડ્યો હતો. અને ઈંગ્લીશ દારૂ ના જથ્થા સાથે 4 ઈસમ ને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની નાની મોટી 559 બોટલ કિંમત રૂપિયા 94.500 નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો. તેમજ લક્ઝરી બસ કિંમત રૂપિયા 7 લાખ તેમજ ઈકો કાર કિંમત રૂપિયા 3 લાખ , એકટીવા મોપેડ કિંમત રૂપિયા 30 હજાર મળી કુલ 11.59.500 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ ટ્રાવેલ્સ બસ ના ચાલક ભગતસિંહ ઉર્ફે છોટુ બાબુસિંહ ભાટી, અને ભુપેન્દ્ર ફુલમાળી, તેમજ દારૂ લેવા આવેલ ઈકો કાર ચાલક સજોદ ના રોશન વસાવા અને સજોદ ના વાડી ફળીયા ના એકટીવા મોપેડ પર પાયલોટીંગ કરી લઈ જનાર જીતેન્દ્ર ઉર્ફે ચિનો અરિવંદ પટેલ ની ધરપકડ કરી હતી. જેમની પૂછપરછ માં દારૂ નો જથ્થો મહારાષ્ટ્ર ના પારોલ ના ગજુ રાજપૂત એ ભરાવી આપ્યો હતો અને દારૂ નો જથ્થો ભડકોદ્રા ની મહિલા બુટલેગર ચંપા અરવિંદ વસાવા ને આપવા ના હોવાની કબૂલાત કરતા પોલીસે ગજું રાજપૂત અને ચંપા વસાવા ને વોન્ટેડ જાહેર કરી તેમની ધરપકડ ના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 18/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–02**

# નેત્રંગની થવા ચેકપોસ્ટ પાસે સ્કૂટર પર દારૂની ખેપ મારતો ખેપિયો ઝડપાયો

નેત્રંગ. તા ૧૭

નેત્રંગ પોલીસે નેત્રંગ દેડિયાપાડા રોડ પર આવેલા થવા ચેકપોસ્ટ પાસે વિદેશી દારૂની હેરાફેરી કરતા એક સ્કૂટર ચાલકને ઝડપી પાડ્યો હતો.કુલ રૂ.૪૪,૩૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. વિદેશી દારૂનો જથ્થો આપનાર અને લેનાર બૂટલેગરને ઝડપી પાડી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## વિદેશી દારૂ આપનાર અને લેનાર બે શખ્સને ઝડપી પાડવા પોલીસે કાર્યવાહી હાથ ધરી

નેત્રંગ પોલીસે બાતમીના આધારે દેડિયાપાડાના સેજપુર ગામ તરફથી એક શખ્સ સ્કૂટર પર વિદેશી દારૂનો જથ્થો લઇ નેત્રંગ તરફ આવી રહ્યો હતો. નેત્રંગ પોલીસે થવા ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી ચાલક આવતા જ તેને અટકાવી સ્કૂટરની ડીકીમાં તપાસ કરતા વિદેશી દારૂનો જથ્થો મળીઆવ્યો હતો. કુલ રૂ.૪૩ હજારનો વિદેશી જથ્થો અને રૂ. ૩૦ હજારનું સ્કૂટર મળી કુલ રૂ.૪૪,૩૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો. પોલીસે પકડી પાડેલો ખેપિયો સચીન જેન્તી મૂળ રહે વણઝર નાના ટેકરા ફળીયુ તા,નાંદોદ જી. નર્મદા હાલ રહે સેજપુર, બેજ ફળીયુ તા, ડેડીયાપાડા, જી. નર્મદા જ્યારે વોન્ટેડ બૂટલેગરોમા વિદેશી દારૂનો જથ્થો આપનાર આશિષ સોનીજી વસાવા રહે નર્મદા જીલ્લા ના ડેડીયાપાડા તાલુકાનુ બયડી ગામ, નિશાળ ફળીયુ તેમજ માલ લેનાર પ્રજ્ઞેશ રહે શિનોર તા,શિનોર જી.વડોદરાના ઇસમને ઝડપી લેવા નેત્રંગ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 18/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–02**

# અંકલેશ્વરના ભાંગવાડમાં જાહેરમાં જુગાર રમતા ૮ શખ્સ ઝડપાયા

અંકલેશ્વર,તા.૧૭

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ભાંગવાડ વિસ્તારમાં આવેલ નવી વસાહત સ્થિત મેલડી માતાજીનાં મંદિર સામે શેરીમાં જુગાર રમતા આઠ જુગારીઓને ૨૪ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમ્યાન બાતમી મળી હતી કે ભાંગવાડ વિસ્તારમાં આવેલ નવી વસાહત સ્થિત મેલડી માતાજીનાં મંદિર સામે શેરીમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા રૂ.૧૧હજાર અને ૫ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૪ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જુગાર રમતા ડબ્બી ફળિયામાં રહેતો જુગારી વિજય અશોક વસાવા,પરેશ સુરેશ વસાવા,અમિત રમેશચંદ્ર મોદી અને મહેશ વસાવા,રાકેશ વસાવા સહિત આઠ જુગારીઓને ઝડપી પાડ્યા હતા.

# ઝઘડિયા તાલુકાના ખરચી અને ખડોલી ગામે જુગાર રમતા ૭ શખ્સ ઝડપાયા

ઝઘડિયા તા. ૧૭

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા પોલીસ મથક વિસ્તારના ખરચી ગામેથી અને રાજપારડી પોલીસ મથકના ખડોલી ગામેથી જુગાર રમતા કુલ ૭ જુગારીને ઝડપી લીધા હતા.

## કુલ રૂ.૩૮ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે લીધો

તા.૧૫ મીના રોજ પીએસઆઈ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા.તે દરમિયાન બાતમીના આધારે ઝઘડિયા તાલુકાના ખરચી ગામે સ્મશાન વગામાં જુગાર રમતા પાંચ જુગારીને કુલ રૂ ૧૮,૦૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. એલસીબી પોલીસે ઝડપાયેલ પાંચ શખ્સો (૧) સુખદેવ રામાભાઈ વસાવા રહે.ગામ ખરચી તળાવ ફળીયું તા.ઝઘડિયા, (૨) ઠાકોર ભાઈ ભુદરભાઈ પટેલ રહે.ગામ ખરચી મંદીર ફળીયું તા. ઝઘડિયા, (૩) વિરલ ચંદુભાઈ પટેલ રહે. ગામ ખરચી મંદીર ફળીયું તા. ઝઘડિયા, (૪) ગુમાન નાગજીભાઈ પટેલ રહે.ગામ ખરચી ટેકરા ફળિયું તા.ઝઘડિયા અને(૫) વિક્રમ રામજીભાઈ વસાવા રહે.ગામ ખરચી તળાવ ફળિયું તા.ઝઘડિયા જિ.ભરૂચના વિરુધ્ધ ઝઘડિયા પોલીસમાં ગુનો નોંધાવ્યો હતો. બીજી ઘટનામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલ બાતમી મુજબ રાજપારડી પોલીસ મથક વિસ્તારના ખડોલી ગામમાં આવેલ લાંબી ટેકરી ખાતે જુગાર રમતા બે ઈસમો (૧) ઈરફાન બચુશા દિવાન રહે. રાજપારડી કન્યાશાળા ફળિયું તા. ઝઘડિયા અને (૨) તોસીફ સલીમભાઈ મલેક રહે. ગામ સુલતાનપુરા તા.ઝઘડિયા જિ. ભરૂચને કુલ રુ. ૨૦,૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જુગાર રમતા ઝડપાયેલા બંને શખ્સો વિરુધ્ધ રાજપારડી પોલીસ મથક ખાતે ગુનો નોંધાવાયો હતો.

# અંકલેશ્વરમાં 11 વર્ષની બાળકી સાથે અડપલાં કરનાર પડોશીની ધરપકડ



અંકલેશ્વર: અંકલેશ્વરમાં 11 વર્ષીય બાળકીની માતા પોતાના કામથી 14મી ઓગસ્ટે રાત્રે બહાર ગઈ હતી. દરમિયાન બાળકી અને તેનો ભાઈ બહાર રમતાં હતાં. ત્યારે તેમના પાડોશી પપ્પુસિંગ કમલાસિંગે બાળકી અને તેના ભાઈને કાર્ટૂન બતાવાના બહાને પોતાની ઇકો કારમાં બેસાડ્યા હતા. બાદ પપ્પુ સિંગ બાળકીના ભાઈને મોબાઇલ પકડાવી બાળકીને ઊંચકીને ઇકો કારમાંથી બહાર લઈ અંધારામાં ઊભી રાખી અડપલાં કરી રહ્યો હતો. ત્યારે અચાનક માતા આવી જતાં બાળકી દોડીને માતા પાસે પહોંચી ગઈ હતી. પાડોશીની હરકતોથી ગભરાઈ ગયેલી બાળકીએ આ ઘટનાની જાણ તેની માતાને કરતાં તેણે આ અંગે પોતાના પતિ અને પરિવારના સભ્યોને કરી હતી. પિતાએ અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ આપતાં ગુનાની ગંભીરતા નોંધી પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી પપ્પુ સિંગને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેના વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ દુષ્કર્મનો પ્રયાસ તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 19/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# બકરા ચોરનાર નડિયાદના ત્રણ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના ભાટવાડ ખાતે રહેતા મંગીબેન વસાવાના ઘર બહાર પાલો ખાતા બકરા ફોર વ્હિલ કાર ચાલક બકરી કાર માં ભરી લઈ ગયો હતો. જે અંગે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકે મંગીબેન વસાવા એ બકરા ની ચોરી નો ગુનો નોંધી હતી. ઘટના સંદર્ભે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે નડિયાદ ખાતે પહોંચી હતી. અને માહિતી આધારે રીઢા બકરા ચોર શૈલેષ તળપદા, અજય જયેન્દ્ર ચૌધરી અને નીલકંઠ પોપટ તળપદા ને ઝડપી પાડ્યાં હતાં.

# તવરા ગામે પત્તા પાનાનો જુગાર રમતા ૩ ઝડપાયા : ૩ વોન્ટેડ

ભરૂચ : ભરૂચ તાલુકાના તવરા ગામની સીમમાં વાંસની ઝાડીમાં કેટલાક ઈસમો પત્તા પાનાનો હાર-જીતનો જુગાર રમી રમાડે છે. જે અંગેની ચોક્કસ બાતમીના આધારે એલસીબી ટીમે રેડ કરતા જુગાર રમતા ત્રણ જુગારીયાઓને રોકડા રૂપીયા, જુગારના સાધનો તથા બે મોટર સાયકલ સહીત કુલ રૂા.૧,૦૨,૯૫૦ નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. ઝડપાયેલા આરોપીઓમાં મહેશ ભાઈલાલ માછી,રહે.ઝનોર, ટેકરી ફળીયુ, જીતેશ પરસોત્તમ માછી, રહે.ઝનોર, અશોક દેવજીભાઈ માછી રહે.ઝનોર હનુમાન ફળીયા, તા.ભરૂચનો સમાવેશ થાય છે. જ્યારે વોન્ટેડ આરોપીઓ અંબાલાલ ઉર્ફે ધનો ઈશ્વર પરમાર, રહે.અંગારેશ્વર, અરવિંદ મગન વસાવા, રહે.જુના તવરા, નિતિન વસાવા, રહે.નિકોરા, તા. જી. ભરૂચનો સમાવેશ થાય છે.

**DATE: 19/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–03**

### ભરૂચ પોલીસે વડોદરાના વાઘોડિયા નજીકથી પકડી પાડ્યો

# રાજયભરમાં પ્રોહિબિશનના ૧૦ જેટલા ગુનામાં વૉન્ટેડ નિયામત અલી ઝડપાયો

### નિયામતને અગાઉ બે વખત પાસામાં સજા કાપી છે

| ભરૂચ |

ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા સુચના આપી હતી. જેથી એલસીબી પીઆઈ ઉત્સવ બારોટ અને તેમના સ્ટાફની જુદી જુદી ટીમો બનાવી ભરૂચ જિલ્લામાં ભૂતકાળના દિવસોમાં પ્રોહિબીશનની રેડમાં મોટી માત્રામાં દારૂનો જથ્થો ઝડપાયો હોય તેવા ગુનાઓમાં મુખ્ય સુત્રધાર કે જે આરોપીઓ વોન્ટેડ હોય તે આરોપીઓ અંગે અલગથી તપાસ કરવા સુચના આપી હતી. જેથી એલસીબી પીએસઆઈ પી.એમ.વાળાને બાતમી મળી હતી કે, ભરૂચ જિલ્લા સહિત રાજયના અલગ અલગ જિલ્લાઓમાં ૧૦ જેટલા પ્રોહિબીશન એટલે કે દારૂના ગુનાઓમાં ત્રણેક વર્ષથી વોન્ટેડ ભરૂચનો પ્રોહિબીશનનો લીસ્ટેડ બુટલેગર નિયામત અલી ઉર્ફે મુન્નો રાજ, રહે.મદીના પાર્ક સોસાયટી, ભરૂચને વડોદરાની વાઘોડીયા નજીક આવેલ એક દરગાહે આવનાર છે તેવી બાતમી મળતા એલસીબીની એક ટીમે વાઘોડીયા નજીક વોચ ગોઠવી હતી તેવામાં આરોપી આવતા તેને કઈ અણસાર આવે તે પહેલા તેને ઝડપી પાડી ભરૂચ ખાતે લઈ આવી ઉંડાણપુર્વકની પુછપરછ કરતા તેણે ભરૂચ જિલ્લાના અને અન્ય જિલ્લાના ગુનાઓની કબુલાત કરી હતી. આ બુટલેગર વિરૂધ્ધ વોરન્ટ પણ ઈસ્યુ કરવામાં આવ્યો હતો. હાલ આરોપીને બી.ડીવીઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ છે. તેમજ વિવિધ જિલ્લાઓમાં આરોપીએ ગુના કરેલ હોય તે જિલ્લાની પોલીસને આરોપી ઝડપાયો હોવાની જાણ કરાઈ છે.

આ આરોપી નિયામત અલી ઉર્ફે મુન્નો રાજ વર્ષ ૨૦૦૯ માં પાસા હેઠળ ભાવનગર જેલમાં તેમજ વર્ષ ૨૦૧૧-૧૨ માં પાસા હેઠળ પાલનપુર જેલમાં સજા કાપી આવેલ છે. આ ઉપરાંત કરજણ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનમાં ગુનામાં ૯ વર્ષ પહેલા તેમજ સુરત ગ્રામ્ય પલસાણા પોલીસ સ્ટેશનમાં ૯ વર્ષ પહેલા પકડાયેલ હતો.

## આરોપીએ કબૂલ કરેલ ગુનાઓની વિગત

● પાલેજ પોલીસ સ્ટેશનના બે ગુના ● દહેજ મરીન પોલીસ સ્ટેશનનો એક ગુનો ● દહેજ પોલીસ સ્ટેશનનો ૧ ગુનો ● નેત્રંગ પોલીસ સ્ટેશનનો ૧ ગુનો ● જંબુસર પોલીસ સ્ટેશનનો ૧ ગુનો ● આમોદ પોલીસ સ્ટેશનના ૧ ગુનો મળી કુલ ૭ ગુના ● તેમજ મકરપુરા પોલીસ સ્ટેશનનો ૧ ગુનો ● નવસારી જિલ્લાના ચીખલી પોલીસસ્ટેશનનો ૧ ગુનો ● તાપીના ઉચ્છલ પોલીસ સ્ટેશનનો ૧ ગુનાની કબુલાત કરેલ છે.

**DATE: 19/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–02**

# વિદેશી દારૂના જથ્થા સાથે બે મહિલા સહિત ત્રણની અટકાયત

અંકલેશ્વર તા.૧૮

અંકલેશ્વર શહેરના ભાંગવાડમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ ઈસમોને રૂ.૧.૮૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

ભરૂચ એલ.સી.બીનો સ્ટાફ અંકલેશ્વર શહેરમાં પેટ્રોલિંગમાં હતો.તે દરમિયાન બાતમીના આધારે અંકલેશ્વરના ભાંગવાડમાં રહેતી મહિલા બુટલેગર લક્ષ્મી અરવિંદ વસાવાના ઘરની પાસે કારમાં એક ઈસમ વિદેશી દારૂનો જથ્થો આપવા માટે આવેલો છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસને ઘર અને કારમાંથી વિદેશી દારૂની ૨૧૨ નંગ બોટલ મળી આવી હતી.પોલીસે રૂ.૪૯હજારનો દારૂ અને ૧ લાખની કાર તેમજ ૨ મોબાઈલ મળી કુલ રૂ.૧.૮૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કયી હતો.હાંસોટ રોડ ઉપર આવેલ વ્રજભૂમિ સોસાયટીમાં રહેતો પ્રશાંત ભરત પટેલ,લક્ષ્મી વસાવા અને મનીષા વસાવાને ઝડપી પાડી હતી. જ્યારે જીગ્નેશ ચાવડાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 19/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# વાગરા નજીક શ્રાવણિયો જુગાર રમતાં ત્રણ ઝડપાયા, બે વોન્ટેડ

ભરૂચઃ પોલીસે અંભેર-ગોલાદરા ગામના રસ્તા પરથી જુગાર રમતા 3 જુગારીને ઝડપી 2ને વોન્ટેડ જાહેર કર્યા હતા. વાગરા પોલીસે બાતમીને આધારે અંભેરમથી ગોલાદરા ગામ તરફ જવાના રોડ પર નાળા પાસે ખુલ્લી જગ્યામાં રેઈડ કરતા ત્રણને જુગાર રમતા ઝડપી પાડી તેઓની અંગ ઝડતીના તથા દાવ ઉપરના મળી કુલ રોકડા રૂ. ૨૫,૮૭૦/-નો મુદ્દામાલ કબજે કરી મુકેશભાઈ ભાયલાલભાઈ વસાવા (ઉ.વ.૪૪ રહે ઓચ્છણ, ઓડ ફળીયુ, તા.વાગરા) તેમજ ઈશ્વરભાઈ પ્રભુભાઈ રાઠોડ (ઉ.વ.૫૭ રહે.અંભેર, મહાદેવ ફળીયુ તા.વાગરા) તથા રાજેશભાઈ જંયતીભાઈ સોલંકી (ઉ.વ.૩૮ રહે. અંભેર, નવી નગરી, તા.વાગરા જી.ભરૂચ)ને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જ્યારે ડાહ્યાભાઈ ગોહિલ (રહે.મુલેર, તા.વાગરા) અને “ડોક્ટર” તરીકે ઓળખાતા પણીયાદરાના અજાણ્યા શખ્સને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 20/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## એલસીબી પોલીસે માંડવા ગામે દરોડો પાડ્યો

# અંકલેશ્વરમાં બે સ્થળે દારૂ સાથે એક ઝબ્બે, બે વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર ના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન માહિતી આધારે માંડવા ગામ ના વસાવા ફળીયા માં બુટલેગર પ્રવીણ ઈશ્વર વસાવા ને ત્યાં દરોડા પાડ્યા હતા જ્યાં ઈંગ્લીશ દારૂની 23 બોટલ ઝડપી પાડી હતી. પોલીસે કુલ 2300 રૂપિયા નો ઈંગ્લીશ દારૂનો જથ્થો જપ્ત કરી પ્રવીણ વસાવા ની ધરપકડ કરી શહેર બી ડિવિઝન પોલીસ ના હવાલે કર્યો હતો.

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની ટીમે અંકલેશ્વર ના નવા દીવા ગામ ખાતે શ્યામજી ફળીયામાં કુખ્યાત બુટલેગર આકાશ વસાવા ને ત્યાં દરોડા પડ્યા હયાત જ્યાં ઘર માં લાકડાના કબાટ માં ઈંગ્લીશ દારૂની 750 એમ.એલ ની 14 બોટલ મળી આવી હતી. જે દરોડા માં આકાશ વસાવા ફરાર થઈ ગયો હતો. જ્યારે તેને દારૂ આપનાર રોહિત વસાવા પણ ફરાર થઈ ગયો હતો.

**DATE: 20/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે 1.05 લાખનો મુદ્દામાલ કબજે કર્યો

# અંદાડા ગામેથી ચોરીની 5 બાઈક સાથે ચોર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ. વી યુ. ગડરિયા પોલીસ મથક વિસ્તારમાં થયેલ બાઈક ચોરી ના વણઉકેલ્યા ગુના માં ટીમ બનાવી તપાસ શરુ કરી હતી.

દરમિયાન અંદાડા ગામે એક ઈસમ ચોરી ની સાઈન મોટર સાયકલ સાથે ફરી રહ્યો હોવાની ચોક્કસ માહિતી મળી હતી .જે માહિતી ના આધારે પોલીસે અંદાડા ગામ ઈસમને મોટરસાયકલ સાથે પકડી પાડ્યો હતો પોલીસે તેની પૂછપરછ કરતા તે મૂળ મહારાષ્ટ્ર અને હાલ અંદાડા ગામની સહજાનંદ સોસાયટી માં રહેતો વિલાસ બબન ધોતી હોવાનું જણાવ્યું હતું. તેની પાસે રહેલી બાઈક અંગે જરૂરી દસ્તાવેજી પુરાવા માંગતા ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. પોલીસે પૂછપરછ કરતા તેણે છેલ્લા બે મહિના માં અલગ અલગ સ્થળેથી 5 ચોરીની કબુલાત કરતાં ટીમે તેની પાસેથી પાંચેય બાઈક જપ્ત કરી હતી.

### ભડકોદ્રા પાટિયા પાસે 1480 કિલો ભંગાર મળી 4.96. લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે શંકાસ્પદ ભંગારના જથ્થા સાથે બે શખ્સોને ઝડપ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ ની ટીમ વાલિયા રોડ પર પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન માહિતી મળી હતી કે એક છોટા હાથી ટેમ્પા માં ચોરી નો ભંગાર નો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. જે માહિતી આધારે ભડકોદ્રા પાટિયા પાસે વોચ ગોઠવી હતી.

જ્યાં માહિતી આધારે નો ટેમ્પો આવતા પોલીસે તેને રોકી તલાસી લેતા અંદર થી એસ.એસ. ભંગાર નો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. પોલીસ ટેમ્પા માં રહેલા અંસાર માર્કેટ ના વસીમ માજિદ કુરેશી અને નવજીવન હોટલ નજીક રહેતા રામ કુમાર યાદવ પાસે ભંગાર ના જથ્થા અંગે જરૂરી બિલ તેમજ આધાર પુરાવા માંગતા બંને ગલ્લા-તલ્લા કરવા લાગ્યા હતા. પોલીસે ભંગાર નો 1480 કિલો નો જથ્થો ચોરી અથવા છળ કપટ થી મળ્યો હોવાની શંકા આધારે બંને ની સી.આર.પી.સી 41 (1) ડી મુજબ ધરપકડ કરી 2.96 લાખ નો ભંગાર નો જથ્થો તેમજ 2 લાખનો ટેમ્પો મળી કુલ 4.96 લાખ નો મુદ્દામાલ જપ્ત કરી તપાસ આરંભી હતી.

**DATE: 20/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–01**

ભરૂચમાં મહિલા આગેવાન સાથેનાં પ્રેમપ્રકરણમાં સંડોવાયેલો

# ભરૂચની મહિલાના ફોટો વાઈરલ કરવાની ધમકી આપતો ચિંતન ઝબ્બે

## ભરૂચ સાઈબર ક્રાઈમે મહિલાની ફરિયાદ લઈ ચિંતનને વડોદરાથી ઝડપી પાડયો

। ભરૂચ ।

ભરૂચ જિલ્લા ભાજપના મહિલા આગેવાન સાથે પ્રેમસંબંધ બનાવી બ્લેકમેઈલ કરનાર વડોદરાનો ચિંતન પટેલ સાયબર ક્રાઈમ પોલીસનાં હાથે ઝડપાયો છે. ભરૂચની મહિલાના અશ્લિલ ફોટો તેમજ વિડીયો એડીટીંગ કરી તેને સોશ્યલ મિડીયા પર વાયરલ કરવાની વારંવાર ધમકી આપતા ફરિયાદ નોંધાઈ હતી.

ભરૂચ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.ડી.ફુલતરીયાએ મળેલી બાતમીના આધારે ભરૂચની મહિલાના અશ્લિલ ફોટો અને વિડીયો એડીટીંગ કરી વાયરલ કરવાની ધમકી આપતા ચિંતન પ્રભુદાસ પટેલને વડોદરા ખાતેથી ઝડપી પાડયો હતો. ચિંતને વોટસએપ પર ડમી એકાઉન્ટ બનાવી ફરિયાદી મહિલાના અન્ય ઈસમ સાથેના સંબંધો હોવાના ખોટા મેસેજ પર વાયરલ કરી આ ડમી એકાઉન્ટમાં ફરિયાદી મહિલાના ડ્રાઈવરના ફોટાનો દુરઉપયોગ કરી ફરિયાદી બેનના પતિને મેસેજો મોકલી આપી ખોટા મેસેજ કર્યા હતા. તેમજ ચિંતન દ્વારા વોટસએપ ગ્રૂપમાં વાયરલ કર્યા હોવાની ઘટના બનતા તે અંગે ફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવમાં સાયબર ક્રાઈમ પોલીસે ચિંતન પ્રભુદાસ પટેલને ઝડપી પાડી વધુ તપાસ શરૂ કરી છે.

### સાયબર ગુનો કરવાની આરોપીની તરકીબ



આરોપી ચિંતન પટેલે આવા કામ એટલે કે ગુનો કરવા માટે તેના મિત્રોના નામે અલગ અલગ સીમકાર્ડો મેળવ્યા હતા તેમજ અભણ અને મજૂરી ઈસમનો પણ મોબાઈલ કોઈપણ બહાને મેળવી તેમાંથી ઓટીપી મેળવી લઈ પોતાના મોબાઈલમાં વોટસએપ એકાઉન્ટ લઈ આવો ગુનો કર્યો હતો. પરંતુ ભરૂચ સાયબર સેલની ત્વરીત કામગીરીના પગલે આરોપીનો મનસુબો સફળ થયો ન હતો.

### આરોપીનો પૂરો ઈતિહાસ

આરોપી ચિંતન પટેલ આ અગાઉ પણ પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગુનામાં તેમજ જે.પી.રોડ પોલીસ સ્ટેશન અને સાવલી પોલીસ સ્ટેશન વડોદરા ગ્રામ્યમાં જુદા જુદા આવાજ ગુનાઓમાં સંડોવાયેલો જણાયો છે. આરોપી પાસેથી બે મોબાઈલ કિંમત રૂા.૧૦ હજાર જપ્ત કરવામાં આવેલ છે.